# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

ઓગસ્ટ - ૨૦૨૫

વર્ષ : ૨૨ અંક : ૦૮

વાર્ષિક :₹૫૦/-

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી

100

સંવત ૧૯૮૪ - ૨૦૮૪

વર્ષ-2028

શ્રી અબજીબાપાની છતેડી

• બળદિયા, ભુજ-કચ્છ •



ગુરૂવર્ય મુનિસ્વામી

શ્રી કેશવપ્રિયદાસજીનું ગુરૂપૂર્ણિમા દિને પૂજન




જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર



અષાઢી ઉજવણી પારાયણ











હિંડોળા પર્વ












## જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર







## ગુરૂપૂર્ણિમા પર્વ













RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ




ઓગસ્ટ : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૦૮

## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને**
**હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com



## અનુક્રમ

| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| મુક્તને વિષે આત્મબુદ્ધિ | ૮ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૦ |
| અષાઢી ઉજવણી | ૧૨ |
| કેળવણી | ૧૭ |
| ચાતુર્માસ આરાધ્યાની શાશ્વતતા | ૧૮ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

### સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

## શ્રીહરિનું લોજમાં આગમન અને મુક્તાનંદ સ્વામી સાથે મેળાપ

- સં ૧૮૫૬, શ્રાવણ વદ-૬ ના રોજ શ્રીહરિ તીર્થ કરતાં કરતાં લોજપુર આવ્યા અને વાવમાં સ્નાન કરી વડના વૃક્ષની છાયામાં બેઠા હતા. ભ્રમરગીત, ગોપીગીત, વેણુગીત વગેરે જે કંઠસ્થ હતું તે બોલતા હતા. વૈશ્ણવાચાર્ય રામાનંદ સ્વામીનો લોજમાં આશ્રમ હતો, તેમાંથી સુખાનંદ સ્વામી એક પહોર દિવસ બાકી રહેતા નાહવા માટે આવ્યા. શ્રીહરિ નાસિકાગ્રવૃતિ રાખી ધ્યાનમાં બેઠા હતા. તેમને દેખી સુખાનંદ સ્વામીની ચિત્તવૃતિ ખેંચાઈ તેમની પાસે જઈ પૂછ્યું. તમે દત્તાત્રેય કે કપિલ છો? આપનો દેશ અને ગામ ક્યા છે? ક્યાંથી આવ્યા અને ક્યાં જવાનું છે? આપના ગુરૂ અને સંપ્રદાય ક્યો છે? નિરંતર પોતાના અંતરમાં શ્રીકૃષ્ણ નામનો જપ કરો છો, એવા આપ કોણ છો? ત્યારે શ્રીહરિ ધ્યાનમાંથી બહાર આવી બોલ્યા, ‘‘અમારે ગામ, દેશ,ગુરૂ, સંપ્રદાય, માત-પિતા, બંધુ કોઈ નથી. ભવસંકટથી છોડાવે એવા ગુરૂ જ અમારી ગતિ છે. બધો પૂર્વ દેશ ફરતાં ફરતાં અહીં આવ્યા પણ મોક્ષદાતા ગુરૂ મળ્યા નહિ. હવે દ્વારકાધામ જવું છે. ત્યાં કૃષ્ણરૂપ રણછોડજીના દર્શન કરીશું. ત્યારે સુખાનંદ સ્વામી કહે પ્રગટ ગુરૂ મળ્યા વિના મોક્ષ થાય નહિ. અમારા ગુરૂ રામાનંદ સ્વામીના મોટા શિષ્ય મુક્તાનંદ સ્વામી નામે અહીં છે, તેમની પાસે તમે આવો તો કાર્ય સિદ્ધ થાય. ત્યારે વર્ણી કહે ભિક્ષા નિમિત વિના અમે ગામમાં જતા નથી કેમકે ત્યાં નારી-ધનનો જોગ થાય, ત્યારે સુખાનંદ સ્વામી કહે અમારી જગ્યા ગામથી જુદી છે માટે પધારો. ત્યારે શ્રીહરિ સુખાનંદ સ્વામી સાથે આશ્રમમાં પધાર્યા અને મુક્તાનંદ સ્વામી પાસે આવી ભૂમિ પર બેઠા. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે આસન પર નહિ ને ભૂમિ પર કેમ બેઠા? ત્યારે વર્ણી કહે પચાસ કરોડ યોજન આ ભૂમિરૂપ આસન આગળ બીજા બધા આસન નાના કહેવાય. સંત આગળ માન મોટાઈ ન રખાય. બીજા બધા સંતો પણ યોગીને પ્રેમથી પગે લાગી બેઠા. લોહચુંબકની પેઠે સહુની વૃતિ વર્ણીમાં ખેંચાઈ ગઈ. સાક્ષાત પુરુષોત્તમે કૃપા કરીને આવા રૂપે દર્શન દીધાં છે કે શું? મુક્તમુનિ કહે આ સૌ સંત આપના સેવક છે એમ જાણો. કેમ કે તમે અપાર ગુણવાન છો. હવે રસોઈ બનાવીને જમો. પછી શ્રીહરિ રસોઈ કરીને વિષ્ણુને જમાડીને જમ્યા. પછી સંતો સહુ વર્ણીની પાસે બેઠા. શ્રીહરિ કહે તમ જેવા શુદ્ધ મનના, જીતેન્દ્રિય, દંભરહિત, સરળ અને હરિચરિત્રમાં પ્રીતિવાળા સાચા સાધુની સેવા અને સમાગમ પૂર્વજન્મના ભાગ્ય ઉદય થયા હોય તેને મળે છે. વર્ણીની આ વાણી સાંભળી સંતો આનંદ પામી પોતાના ધન્યભાગ્ય માનવા લાગ્યા.

## મુક્તાનંદ સ્વામીએ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ નિરૂપણ કર્યું.

પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના પૃથક પૃથકરૂપ સમજાવવા પ્રશ્ન પૂછ્યો. ત્યારે મુક્તમુનિએ વિનમ્રભાવે કહ્યું કે અમારા ગુરૂ પાસેથી જેવો અમે સાંભળ્યો છે તેવો ઉતર કરીશું. ત્યારે વર્ણી કહે તમે જેવું જાણતા હો તે કહો, ગુરૂ પાસેથી ફરી સાંભળીશું. પછી મુક્તમુનિએ કહ્યું :

(૧)જીવ : સ્થૂળ, સૂક્ષ્મ, કારણ એ ત્રણ દેહમાં નખશીખ વ્યાપીને રહેલો તથા અંતઃકરણ અને ઈન્દ્રીયોનો આધાર તેમજ બધી ક્રિયા જાગ્રત, સ્વપ્ન, સુષ્પિત એ ત્રણ અવસ્થામાં કરવા છતાં તેથી જુદો અજર, અમર, અછેદ્ય આદિ લક્ષણે યુક્ત નિત્ય અને જ્ઞાનવાન એવો જીવ છે.

(૨) ઈશ્વર : વિરાટ, સુત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહમાં વ્યાપી રહેલો અને ઉત્પતિ, સ્થિતિ અને પ્રલય એ ત્રણ



કેવડા મહારાજને કેવડા અનાદિમુક્ત! આ તો ભારે વાત બની ગઈ છે. એવા જોગમાં હારી જવું નહીં.

અવસ્થાવાળો અને એ ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી જુદો સત્તામાત્ર ઈશ્વર છે.
(૩)માયા : માયા શ્રીકૃષ્ણ ભગવાનની શકિત છે, ત્રિગુણાત્મક છે, જડચિદાત્મકરૂપ છે. ગુણસામ્ય અને નિર્વિશેષ છે. અહમ-મમત્વને કરાવનારી છે. તે સત્સંગ વિના કોઈની ટાળી ટળતી નથી.
(૪) બ્રહ્મ : જે સત્ય, જ્ઞાન, અનંત અને અક્ષરધામરૂપ છે, જેનું અનંત શક્તિઘર આવું નામ પણ છે. જે પૂર્ણ, બ્રહ્મ, અખંડ, નિર્વિકારી, નિત્ય, અવિનાશી, અમાપ, પ્રકાશરૂપ અને એકરૂપ છે. સર્વાધાર છે, જીવ, ઈશ્વર અને માયાનું પ્રકાશક છે. જે મૂર્ત અને અમૂર્ત છે.
(૫) પરબ્રહ્મ : જે કૃષ્ણ, વિષ્ણુ, નારાયણ, વાસુદેવ અને અચ્યુત કહેવાય છે, જે આનંદમય, પ્રભુ, દિવ્ય, સ્વતંત્ર, અવ્યય અને સદા સુખોનું મૂળ આદિ વિશેષણોથી કહેવાય છે. જે રમાકાંત(સર્વ સમૃદ્ધિના સ્વામિ) ભગવાન કહેવાય છે, અક્ષરકોટી જેનું નિત્ય ધ્યાન કરે છે, જે માયા અને કાળના નિયંતા છે. જે ક્ષર-અક્ષર પર્યંતના નિયંતા છે. જે સર્વ કર્મફળના પ્રદાતા છે. જેના સમાન બીજું કોઈ નથી. જે સર્વ કારણના કારણ છે, અનંત શક્તિને ધારણ કરનારા ઈશ્વરના ઈશ્વર છે. અને જે સર્વેના પ્રેરક પ્રવર્તક છે, જે સદા રાકાર અને બ્રહ્મપુર(અક્ષરધામ)માં રહ્યા છે, મુક્તકોટી જેના ચરણની સેવા કરે છે અને રાત-દિવસ જેનાં નામનું સ્મરણ મુખથી કરે છે. અક્ષર,મુક્ત, ઈશ્વર, જીવ એ સહુના ધ્યેય છે. તે પરમબ્રહ્મ છે.
આ ઉતર સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા. આમ નિત્ય પ્રશ્ન-ઉતર કરતા તે સાંભળી ચતુર-વિચક્ષણ સંતો હતા તે ચકિત થઈ જતા હતા.

**લોજમાં શ્રીહરિના માનુષી તથા દિવ્યચરિત્ર**

એક વખત સંતોએ શ્રીહરિને પૂછ્યું જે તમે કોનું ધ્યાન કરો છો? ત્યારે વર્ણી કહે,'' અમે અમારા ઈષ્ટદેવ રાધાકૃષ્ણનું ધ્યાન કરીએ છીએ તેઓ સર્વે દેવોના દેવ છે અને વરાહ આદિક અવતારો પણ તેમાંથી જ પ્રગટ થાય છે. અનંત બ્રહ્માંડોની ઉત્પતિ, પાલન અને પ્રલય તેમની સહજ લીલા છે. શ્રીહરિ સ્વયં પુરુષોત્તમ હોવા છતાં સંતોની આગળ આવું બોલ્યા. ભગવાન પ્રગટ થાય છે ત્યારે પોતે પોતાનો મહિતા કહેતા નથી. આવી શ્રીહરિની લીલાથી બ્રહ્મા આદિ પણ ભ્રમિત થઈ ચલિત થઈ જાય છે. પણ સૂર્યોદય થાય ત્યારે અંધારું રહેતું નથી. પણ ઘુવડને સૂર્યના પ્રકાશનો મહિમા સમજાતો નથી.

શ્રીહરિએ પોતે ધ્યાનથી વાત કરી એ સાંભળી મુક્તમુનિ બોલ્યા કે અમે પણ શ્રીકૃષ્ણનું જ ધ્યાન-ભજન કરીએ છીએ અને ઉદ્ધવાતાર શ્રી રામાનંદ સ્વામીની કૃપાથી શ્રીકૃષ્ણ ભગવાનને દૃષ્ટિ આગળ મૂર્તિમાન દેખીયે છીએ. ત્યારે શ્રીહરિ કહે આપણે તત્કાળ તેમના દર્શને જઈએ. ત્યારે મુક્તમુનિ કહે તેઓ હાલમાં ભુજનગર છે અને તેમની આજ્ઞા વિના કોઈએ ક્યારેય દર્શન કરવા જવાય નહિ. માટે સમાચાર પૂછીને એમની આજ્ઞા મંગાવીએ. બાકી ચૈત્ર માસમાં અહીં જરૂર આવશે. આવી વાત સાંભળી વર્ણી મનને સ્થિર કરીને રહ્યા અને વિરહમાં વ્યાકુળ થઈ દિવસ ગણવા લાગ્યા.

વર્ણી લોજ આવ્યા એને હજુ બે જ દિવસ થયા છે. જન્માષ્ટમીનો દિવસ આવ્યો છે. એક તપસ્વી આશ્રમમાં આવ્યા છે એવું સાંભળી વધારે હરિભક્તો જન્માષ્ટમીને દિવસ ફળ, ફુલ,મેવા,મીઠાઈ લાવી શ્રીહરિને અર્પણ કરતા જોઈ સંતો પ્રસન્ન થયા. શ્રીહરિ પણ હરિભક્તોને દેખી પ્રસન્ન થયા. એ દિવસે સહુ સંતો-ભક્તો વર્ણી સાથે સમુદ્રમાં સ્નાન કરવા ગયા. મધ્યરાત્રીએ બાળમુકુંદને પારણામાં પધરાવી સંતો ઝાંઝ,મૃદંગ લઈને શ્રીકૃષ્ણચરિત્ર ગાતા ઉત્સવ કરતા હતા. શ્રીહરિએ ત્યારે એક સ્વરૂપે પારણામાં અને એક સ્વરૂપે સંતોમાં વિરાજે છે એવા દર્શન દીધા. સહુના આનંદનો પાર ન રહ્યો પ્રભાત સુધી ઉત્સવ કર્યો અને સવારે સ્નાન આદિ નિત્યક્રમ કરી શ્રીહરિની પૂજા કરી, સ્તુતી કરી અને નારાયણ ધૂન કરી હરિભક્તો પણ એકાદશી સુધી રોકાઈ શ્રીહરિની અમૃતવાણી પ્રેમથી સાંભળતા અને ઘરનો ધંધો ભૂલી હરિદર્શનમાં પ્રફુલ્લિત રહેતા. હરિભક્તો સહુ ઘેર જવા લાગ્યા તેથી શ્રીહરિએ તેમને કુસંગનો ત્યાગ કરવો, નિયમમાં દૃઢ રહેવું, ભગવાનમાં ચિત્ત રાખી કામકાજ કરવું, શ્રીહરિ અને સંતમાં પ્રીતિ રાખવી એજ સાચો સત્સંગ છે એવી શીખ આપી. હરિભક્તો શ્રીહરિનું સ્મરણ કરતા આનંદ પામી ઘેર ગયા.

**ક્રમશઃ**



# સહજ અમૃત

★ ભગવાનને વિષે પ્રીતિ તો તેની સાચી જે ગમે તેવા ભૂંડા દેશ-કાળાદિકનો યોગ થાય પણ કોઈ રીતે અંતઃકરણ ફરે નહિ, અને ભગવાનને વિષે પ્રીતિ તો તેની જ સાચી જે જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતી જ ન થાય. અને સર્વે સદગ્રંથનું પણ એ જ રહસ્ય છે જે ભગવાન છે એ જ પરમ સુખદાયક છે, ને પરમ સાર વસ્તુ છે, ને તે પ્રભુ વિના જે જે બીજા પદાર્થ છે તે અતીશે તુચ્છ છે ને અતિ અસાર છે, અને જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે. જેમ કસુંબલ વસ્ત્ર હોય તે ઘણું સારું જણાતું હોય પણ જ્યારે તે ઉપર પાણી પડે ને પછી તેને તડકામાં સૂકવીએ ત્યારે સીધું નકારુ થઈ જાય ને ધોળા વસ્ત્ર જેવું પણ ન રહે. તેમ જેને પંચવિષયમાં પ્રીતિ હોય તેને જ્યારે કુસંગનો યોગ થાય ત્યારે કાંઈ ઠેકાણું રહે નહિ. માટે જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને રાજી કર્યા સારું પંચવિષયનો અતિશય ત્યાગ કર્યો જોઈએ અને ભગવાનને વિષે જે પ્રીતિ તેમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહિ.(ગ.મ.૫૬)

★ ભગવાનને વિશે પ્રીતિ કરવી તે એક સત્તારૂપે રહીને જ કરવી. અને જેને જ્ઞાન-વૈરાગ્યે કરીને માયાનો સર્વ પ્રકારે નિષેધ કરી નાખ્યો છે. એને તો એ આત્માને વિષે કોઈ જાતનું આવરણ નથી. અને એ આત્મારૂપે જે વર્તવું તે કેવળ બ્રહ્મ થઈને મસ્ત થાવું તે અર્થે નથી, એ તો પોતાને આત્મારૂપે રહેવું તેનું એ પ્રયોજન છે જે હું આત્મા છું તે મારે વિષે પણ કોઈ જાતનું માયાનું આવરણ નથી, તો આત્મા થકી પર જે પરમાત્મા નારાયણ વાસુદેવ તેને વિષે તો માયાનો લેશ પણ કેમ હોય? એવી રીતે ભગવાનમાં કોઈ દોષ ન આવે (દેખાય) તે સારુ આત્મનિષ્ઠા દઢ કરીને રાખી હોય તો પરમેશ્વર વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન થાય. અને પરમેશ્વર વિના બીજું જે જે પદાર્થ અધિક જણાય તો તેનો તત્કાળ ત્યાગ કરી દે. અને ભગવાનની મોટપ સામું જોઈએ ત્યારે પિંડ-બ્રહ્માંડાદિક તેમાં ક્યાંઇ પણ પ્રીતિ રહે નહિ. સર્વે માયિક પદાર્થ તુચ્છ થઈ જાય અને તેને ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક હોય જ નહિ.(ગ.મ.૫૭)


મોટા મુક્ત છે તે તો અનંત જન્મનું જાણે છે અને અનંતકોટી બ્રહ્માડમાં જ્યાં જ્યાં અવતાર થાય છે તેનું પણ જાણે છે.



# અબજ અમૃત

★ મહાકાળ જ્યારે આત્યંતિક પ્રલય કરે ત્યારે બધા જીવ ક્યાં રહેતા હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે સર્વે જીવ માયામાં લીન થઈ જાય છે અને માયા મુળપુરુષને વિષે લીન થઈ જાય છે અને એ પુરુષ વાસુદેવબ્રહ્મની સભામાં રહે છે. ફરી જ્યારે સૃષ્ટિ સૃજવાનો સમય થાય ત્યારે પુરુષે માયાને લીન કરી હોય તેને બહાર કાઢીને તે માયા થકી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. પણ આપણે તો બ્રહ્માંડ વસ્યું તોય શું? અને ન વસ્યું તોય શું? આપણે તો મહારાજ અને મુક્તને પકડીને તેમાં અત્મબુદ્ધિ કરવી. ભગવાનના સુખ આગળ અને મૂર્તિ આગળ બીજું બર્હિભૂમી ગયા જેવું છે. તેમજ આ લોકમાં પણ પરોક્ષની વાતોમાં આપણું કાંઈ ન વળે. એમાં આપણે ફસાઈ પડીએ. આપણે તો એક જણસ જે મહારાજ ઓળખાય એ સર્વ સાધનનું ફળ છે.(૧/૨૨૯)

★ અમે સં.૧૯૫૧ની સાલમાં ધોળકા ગયા હતા, ત્યાં સ્વામી વૃંદાવનદાસજી મહંત હતા. તેમને અમે પરભાવની વાતો કરી તે જીવમાં પેસી ગઈ, પછી તેમણે મહંતાઈ મુકી દીધી ને ઉપશમમાં જ રહે છે. આપણે તો ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમ નારાયણની મૂર્તિ તેને બાઝવું. આવો યોગ ક્યાંથી મળે. આપણે તો શ્રીજી મહારાજની મૂર્તિ વિના ''સબ જગ જરત અંગારા'' એમ કરી મેલવું તેને ઉપાસના કહીએ (૧/૨૩૦)

★ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે,'' આધાર વિનાના હોય તેને દુઃખ દેવું તે મહાપાપ છે, અને મોટાપુરુષનો દ્રોહ થાય તો જીવ આસુરી થઈ જાય. મોટા પુરુષ તો કોપ કરતા જ નથી પણ જીવ આફુડો આસુરી થઈ જાય. મોટા પુરુષ તો અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે. આપણે સૌ ઉપર દયા રાખવી. 'દયા ધર્મ કો મૂળ હૈ'' (૧/૨૩૧)

★ જે સાધુ કથા-વાર્તા, માળા-માનસી પૂજા, ધ્યાન-ભજન નથી કરતા ત્યારે શું મુંડાવા સાધુ થયા હશે? આજ શ્રીજી સત્સંગમા પ્રત્યક્ષ વિચરે છે. અનંતકોટી બ્રહ્માંડના કર્તા હર્તા મૂળ-પુરુષરૂપ ઈશ્વર છે અને આપણને તો એ સર્વેથી પર મોટા મુક્ત અને મહારાજ મળ્યા છે.(૧/૨૩૧)



ભગવાનનો ભક્ત અનાદિમુક્તના સમાગમ સેવાએ કરીને શ્રીજીમહારાજના સુખને શ્રીજીરૂપ થઈને ભોગવે છે ત્યારે એને કોઈ વાતની અપેક્ષા રહેતી નથી. સર્વે ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે.

# ભગવાન અને તેમના સાક્ષાત્કારવાળા મુક્તને વિષે આત્મબુદ્ધિ કરવા વિષે

શ્રી રાજ વકીલ - અમદાવાદ

શ્રીજી મહારાજે ભગવાન અને તેમના ધામમાંથી આવેલા તેમજ છતી દેહે તેમના સાક્ષાત્કારવાળા મુક્તને વિષે આત્મબુદ્ધિ કરવાની વાતને ખૂબ પ્રાધાન્ય આપ્યું છે જેને જેતલપુરના ૧લા વચનામૃતમાં આત્યંતિક કલ્યાણનો સર્વ શ્રેષ્ઠ ઉપાય કીધો છે. તેનું કારણ એ કે એવા મુક્ત ભગવાનરૂપ છે અને ભગવાન અને એવા મુક્તના ચૈતન્યની વચ્ચે લેશમાત્ર પણ અંતર ના હોવાથી તેમને વિષે આત્મબુદ્ધિ કરવાથી શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર થાય છે. બાપાશ્રીએ સમજાવ્યું કે એવા મુક્તને વિષે આત્મબુદ્ધિ કરવી એટલે કે જેમ દેહને વિષે જીવને દ્રઢ આત્મબુદ્ધિ છે જેણે કરીને દેહ સહેજે ક્યારેય ભૂલાતો નથી અને દેહમાં રહ્યો થકો સુખ દુખને ભોગવે છે તેમજ એવા મુક્ત ક્યારેય ભૂલાય જ નહિ અને મુક્તને સુખે સુખી અને દુખે દુખી થાય અને મુક્તને સુખ ઉપજે એવી શુશ્રુષા કરે તે મુક્તને વિષે સાધનકાળમાં આત્મબુદ્ધિ/આપોપું કહેવાય અને જ્યારે એવી રીતે આત્મબુદ્ધિ કરતા કરતા શ્રીજીમહારાજને વિષે જોડાતા જોડાતા શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર થાય અને શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખભોક્તાપણે રહે ત્યારે મહારાજ અને મુક્તને વિષે સિદ્ધકાળની દ્રઢ આત્મબુદ્ધિ/આપોપું કહેવાય.

આ વિષે ના કેટલાક વચનામૃતો જોઈએ

મધ્યના ૫૪માં મહારાજે કહ્યું કે અભિજ્ઞજન કહેતાં ભગવાનની મૂર્તિના સાક્ષાત્કારવાળા સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ તથા પોતાપણાની બુદ્ધિ તથા તીર્થ બુદ્ધિ તથા પૂજ્યબુદ્ધિ અર્થાત્ દેવતાબુદ્ધિ હોય તેણે જ સર્વ સાધનથી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે અને એવી રીતે સત્પુરુષને વિષે બુદ્ધિ નથી તે ''ગો'' કહેતા બળદ અને ''ખર'' કહેતા ગધેડા જેવો છે.

પ્રથમ ૬૭માં શ્રીજીમહારાજના પ્રશ્નના ઉત્તરમાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષને વિષે દેવની બુદ્ધિ રાખે અને કહે તેમ કરે તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે. તેમજ પ્રથમના ૭૮માં મહારાજે કહ્યું કે બત્રીસ લક્ષણે યુક્ત સંતને વિષે ગુરુબુદ્ધિ અને દેવબુદ્ધિ રાખીને મન કર્મ વચને એનો સંગ કરે તો તેને વિષે પણ એ સંતના બત્રીસ લક્ષણ આવે છે.

છેલ્લાના ૭માં મહારાજે કહ્યું કે જેવી પોતાના શરીરને વિષે આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન તથા સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ. બાપાશ્રીએ રહસ્યાર્થમાં સમજાવ્યું કે જેમ દેહને દુખે દુખી અને સુખે સુખી થવાય છે એવો ભાવ શ્રીજીમહારાજ તથા મુક્તને વિષે રાખે તે બહારવૃત્તિથી આત્મબુદ્ધિ છે અને જેમ સમગ્ર દેહમાં રહીને જીવ સુખ દુખ ભોગવે છે શ્રીજીમહારાજની મૂર્તિમાં નખશીખા પર્યંત રહીને શ્રીજીમહારાજનું સુખ ભોગવવું તે અંતર્વૃત્તિએ શ્રીજીમહારાજને વિષે આત્મબુદ્ધિ કહેવાય અને શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર હોય એવા સત્પુરુષને વિષે અપોપું માનવું જે તે સંત તે હું છું તે સંતને વિષે અંતર્વૃત્તિએ આત્મબુદ્ધિ કહેવાય.

છેલ્લાના ૧૧માં મહારાજે કહ્યું કે જેવી દેહને વિષે આત્મબુદ્ધિ ને દ્રઢ પ્રીતિ છે તેવી જ ભગવાનને ભગવાનના ભક્તને વિષે રહે તો નિર્વિકલ્પ સમાધિ જેવી શાંતિ સદાય રહે તેના રહસ્યાર્થમાં બાપાશ્રીએ સમજાવ્યું કે સાધનકાળમાં ભગવાન અને સંતને વિષે એકતા થઈ જાય જે તેમને ભૂલાય જ નહિ અને તેમને સુખે સુખી અને દુખે દુખી થાય તે તેમને વિષે આત્મબુદ્ધિ અને દ્રઢ પ્રીતિ કહેવાય. તેમજ જ્યારે સિદ્ધદશાને પામે ત્યારે જેવી રીતે દેહમાં રહીને સુખ દુખ ભોગવે છે તેવી રીતે શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખભોક્તાપણે રહે તે દ્રઢ આત્મબુદ્ધિ કહેવાય.

પ્રથમના ૫૪માં તથા છેલ્લાના ૨૪માં મહારાજે કહ્યું કે જીવને જેવી રીતે દેહગેહાદિકને વિષે પ્રસંગ છે તેવી રીતે જ્યારે એને સંતનો દ્રઢ પ્રસંગ થાય તો એ ભાગવત ધર્મથી પડે નહિ.

છેલ્લાના ૩૮માં મહારાજે કહ્યું કે વૈરાગ્યેયુક્ત અને દેહાભિમાને રહિત તેમજ ભગવાનનું અલ્પ વચન પણ ના લોપે તેવા મોટા સાધુ સંગાથે પોતાના જીવને જડી



આગળ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુકસ્વામી ભેગા બેસીને સમાગમ કરતા. તેના વંશ આપણે છીએ માટે સમાગમ કરી લેવો.

દેવો. તે ઉપર બાપાશ્રીએ સ્પષ્ટ કર્યું કે જેવું જીવને દેહને વિષે હેત છે એવું મોટા સંતને વિષે કરવું અને જેવી દેહમાં એકતા છે તેવી રીતે સંતમાં એકતા કરવી.

જેતલપુરનાં ૧માં મહારાજે કહ્યું કે પ્રગટ ભગવાન જેને મળ્યા હોય કહેતા જે સંતને ભગવાનનો અખંડ સાક્ષાત્કાર હોય તેવા સંતને વિષે આત્મનિષ્ઠા રાખવી અને તે જ પોતાનું સ્વરૂપ માનવું. તે ઉપર બાપાશ્રીએ સ્પષ્ટતા કરી કે શ્રીજીમહારાજના ધામમાંથી આવેલા મુક્તને વિષે પોતાના આત્માની એકતા કરવી જે તે મુક્ત તે હું છું એમ પોતાને મુક્તરૂપ માનવું અને જેમ મુક્ત મૂર્તિમાં જોડાયા છે તેમ શ્રીજી મહારાજની મૂર્તિમાં જોડાવું, પણ શ્રીજીમહારાજના ધામમાંથી આવેલા ન હોય તેને વિષે અપોપું ના કરવું. આ વાત સર્વનું જીવન છે કહેતા સર્વોત્તમ છે.

બાપાશ્રીએ પ્રથમના ૫૧ના રહસ્યાર્થમાં સ્પષ્ટતા કરી કે શ્રીજીમહારાજ મનુષ્યરૂપે મળે તે મૂર્તિમાં એકતા કરવાથી મૂર્તિમાં સંલગ્ન થવાય તેમજ શ્રીજીમહારાજને મળેલા એટલે કે શ્રીજીમહારાજની મૂર્તિમાં સંલગ્ન રહેલા સંત જે મુક્ત તેને વિષે અપોપું કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે એકતા કરે તો તે મુક્ત મૂર્તિમાં જ રહ્યા છે એટલે તે મુક્તદ્વારે પણ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે એકતા થાય છે. પરંતુ ધામમાંથી આવેલા ન હોય તેને વિષે એકતા ના કરી શકાય એમ સમજાવી દીધું.

ઈત્યાદિ વચનામૃતોમાં મહારાજે ભગવાન તેમજ તેમના મુક્તને વિષે આત્મબુદ્ધિ, દેવબુદ્ધિ, આપોપું કરવાની વાત કરી છે તેમજ મુક્તદ્વારે પણ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે એકતા થાય છે એ વાત આવે છે. તેમાં કેટલીકવાર એવી ગેરસમજ પ્રવર્તતી હોય છે કે ભગવાન પ્રગટ ના હોય તો તેમના મુક્તને વિષે જોડાઈ તેમનું જ ધ્યાન કરવું. જેને લીધે ભગવાનની પ્રતિમા ગૌણ થઈ મનુષ્યરૂપે પ્રગટ મુક્તને વિષે ભગવાન કરતા વિશેષ ભાવ થઈ જાય છે. આ બાબતે બાપાશ્રીએ ખૂબ સ્પષ્ટતા કરી છે કે કોઈ દિવસ મુક્તનું ધ્યાન થાય નહિ.

છેલ્લાના ૧૬માં પણ મહારાજે કહ્યું કે અમારે વિષે પ્રતિવ્રતાપણે પ્રીતિ કરવી અને અમારા મુક્તમાં જીવોનો મોક્ષ કરે એવો મોટો ગુણ છે તો પણ તે સાથે અમારા જેવી પ્રીતિ ના કરવી.

તો પછી મુક્તને વિષે અપોપું અને એકતા કરવાની વાત મહારાજે શા માટે કરી?

બાપાશ્રીએ મધ્યના ૪૯ના રહસ્યાર્થમાં વિગતે સ્પષ્ટ કર્યું કે ''એકાંતિક ભક્તમાં ભગવાન વ્યતિરેકપણે રહ્યા છે પરંતુ એક તો એનો દેહ અને બીજો એનો જીવ અને ત્રીજા શ્રીજીમહારાજ રહ્યા છે માટે શ્રીજીમહારાજની મૂર્તિની અને મુમુક્ષુની વચ્ચે એકાંતિકના દેહનો ને ચૈતન્યનો એ બે પડદા રહ્યા માટે એકાંતિક ભક્તનું ધ્યાન કરવાથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી. અને જે શ્રીજીમહારાજને મુકીને પોતાનું ધ્યાન કરાવે અને પ્રતિમાને ન્યૂન કહીને પ્રતિમાને વિષેથી લુખા કરે તે એકાંતિક પણ નથી અને એને શ્રીજીમહારાજનો સંબંધ પણ નથી. તેમજ શ્રીજીમહારાજની ઈચ્છાથી અનંત જીવોનો ઉદ્ધાર કરવા ધામમાંથી પૃથ્વીને વિષે દર્શન આપતા હોય એવા પરમ એકાંતિક કે અનાદિ મુક્તો શ્રીજીમહારાજ રૂપ કૈવલ્યમૂર્તિ હોવા છતાં તેમનું ધ્યાન થાય નહિ કેમકે તેઓ મુક્ત છે અને મહારાજ સ્વામી છે માટે મુક્તનું ધ્યાન થાય નહિ અને મુક્તોને પ્રત્યક્ષ ભગવાન પણ કહેવાય નહિ, શ્રીજીમહારાજની પ્રતિમાને જ પ્રત્યક્ષ ભગવાન કહેવાય અને પ્રતિમાનું જ ધ્યાન થાય. અને જે મુક્ત હોય તે કોઈ દિવસ પોતાનામાં જોડે નહિ તેમજ પોતાનું ધ્યાન કરાવે જ નહિ. શાસ્ત્રોમાં જ્યાં જ્યાં શ્રીજીમહારાજની પ્રતિમાથી મુક્તને શ્રેષ્ઠ કહ્યા હોય તે ફક્ત જ્ઞાન-ઉપદેશ કરવાની બાબતમાં કીધા હોય છે પણ મુક્તની ભક્તિ એટલે ભજન-સ્મરણ કે ધ્યાન કરવાનું કહ્યું નથી. માટે જે પોતાને વિષે જોડે તેને આધુનિક જાણીને તેનો ત્યાગ કરવો અને ભુલેથી પણ એનો જોગ ના કરવો.'

આમ બાપાશ્રીએ સમજાવ્યું કે સાધનદશામાં દેહભાવથી રહિત થવા માટે પોતાને મુક્તરૂપ માનવાથી દેહનો સંબંધ જલ્દીથી ટળે છે અર્થાત્ દેહને ભૂલવા પુરતું જ મુક્ત ને વિષે એકતા કરવી કે આપોપું કરવું એમ કહેવાનો આશય છે અને એવા સાક્ષાત્કારવાળા સત્પુરુષ પૃથ્વી પર પ્રગટ હોય કે ના હોય પણ ધ્યાન તો ફક્ત શ્રીજીમહારાજનું કરવાનું છે.

ક્રમશઃ


ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર સ્વરૂપ સત્પુરુષના સમાગમે પમાય છે પણ તે વિના શાસ્ત્રમાંથી પોતાની માયાકિ બુદ્ધિએ કરીને પમાતું નથી.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિશેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

| વચનામૃત | આત્મનિષ્ઠા | ભગવાનનું મહાત્મ્ય |
|---|---|---|
| ગ.મ.૩૩ | પ્ર.નિષ્કામી વર્તમાન શે ઉપાયે કરીને અતિશય દઢ થાય? ઉ.(૧) મનને વિષે અખંડ એવું મનન કરવું જે હું આત્મા છું; દેહ નથી અને મનને વશ કરવા ભગવાનની કથા શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું પણ ક્ષણ માત્ર મનને નવરું રહેવા દેવું નહિ.(૨) આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો અને (૩) આ સત્સંગને વિષે જે જે નિયમ કહ્યા છે તેમાં દેહને રાખીને નિયમમાં કરવો. | ગ.મ.૩૫: ભગવાનના ધ્યાન વિના કેવળ આત્માને વિચારે કરીને આત્મા જણાય છે કે દેખાય છે એવી તો આશા કોઈએ રાખવી નહિ. અને (૧) ભગવાનની ઉપાસના કરવી (૨) ભગવાનના ચરિત્ર ગાવવાં સાંભળવા (૩) ભગવાનનું નામ-સ્મરણ કરવું અને (૪) પોત-પોતાના ધર્મમાં રહેવું-એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થાવું તે કાંઈ કઠણ નથી. એ તો વહાણમાં બેસી સમુદ્રને તરવો એવો સુગમ માર્ગ છે અને કેવળ આત્મદર્શને તથા કેવળ ધર્મે કરીને કલ્યાણ થાવું તે તો તુંબડાં બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે. |
| ગ.મ.૩૬ | પ્ર. ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેનો શો ઉપાય છે? તેના ચાર ઉપાય છે. પ્રીતિ, શુરવીરપણું, ભય અને વૈરાગ્ય. તેમાં સાંખ્ય શાસ્ત્રના જ્ઞાને કરીને દેહ થકી આત્માને જુદો સમજીને તે આત્મા વિના બીજા સર્વ માયિક પદાર્થને અસત્ય જાણીને તે થકી વૈરાગ્ય પામીને તે આત્માને વિષે પરમાત્માને ધારીને તેનું અખંડ ચિંતવન કરવું. | જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને જ ભગવાનને વિષે હેત થાય છે. અને જ્યારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે ને જ્યારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહી ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી તે તો કૃતાર્થ થયો છે. |
| ગ.મ.૩૮ | જે એકાંતિક ભક્ત હોય તેને એક તો આત્મનિષ્ઠા હોય ને બીજો વૈરાગ્ય હોય ને ત્રીજો પોતાનો ધર્મ દઢપણે હોય ને ચોથી ભગવાનને વિષે ભક્તિ હોય. | ગ.મ.૩૯ ચૈતન્યરૂપ અને તેજોમય એવું જે અક્ષરધામ છે તેમાં સદા સાકાર મૂર્તિ એવા શ્રીકૃષ્ણ વાસુદેવ (શ્રી સ્વામિનારાયણ ભગવાન) વિરાજમાન છે ને સાકાર થકા જ સર્વના કર્તા છે પણ નિરાકાર થકી તો કાંઈ થાતું નથી. અને દશમ સ્કંધનું અને પંચમ સ્કંધનું પણ એ રહસ્ય છે, જે ઉપનિષદ્, વેદાંત ને શ્રુતિ, સ્મૃતિ તેમાં જેને બ્રહ્મ કહ્યા છે, જ્યોતિ સ્વરૂપ કહ્યા છે, જ્ઞાનરૂપ કહ્યા છે, તત્ત્વ કહ્યા છે, સુક્ષ્મ કહ્યા છે, નિરંજન, ક્ષેત્રજ્ઞ, સર્વે કારણ, પરબ્રહ્મ પુરુષોત્તમ વાસુદેવ વિષ્ણુ નારાયણ, નિર્ગુણ એવે નામે કરીને જેને પરોક્ષપણે કહ્યા છે. તે તે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યા છે, એ દશમ સ્કંધનું રહસ્ય છે. અને પંચમ સ્કંધમાં ભગવાનનું મહાત્મ્ય કહ્યું છે જે શ્રીકૃષ્ણ ભગવાને જે જે ચરિત્ર કર્યા તેનું જે ગાન કરે છે અથવા શ્રવણ કરે છે તે સર્વે જીવ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામે છે અને એ વાસુદેવ ભગવાનના જન્મ, કર્મ ને મૂર્તિ એ સર્વે દિવ્ય સ્વરૂપ છે અને એ જે વાસુદેવ શ્રીકૃષ્ણ તે જ સર્વોપરી છે. એવી રીતે એ બે ગ્રંથનું રહસ્ય છે. માટે ભગવાનના આકારને વિષે દઢ પ્રતીતિ રાખીને એની દઢ ઉપાસના કરવી. |



આજ સત્સંગમાં મોટા મુક્ત છે તેમાં કોઈ કથા-વાર્તા કરીને સુખ આપે એવા હોય અને કોઈક દર્શન માત્રે સુખ આપે એવા હોય.

ગ.મ.૪૩ ભગવાનના ગુણાતીત ભક્તને વિષે સત્વ, રજ,તમ એ ત્રણ ગુણનો ભાવ તો ન હોય અને તે તો કેવળ ઉત્થાને રહિત શૂન્ય સમતા ધરી રહે અને સુષુપ્તિ જેવી અવસ્થા વર્તે એવી રીતે સત્તારૂપે રહ્યો જે નિર્ગુણ ભક્ત ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મનું સ્વરૂપ છે. એમ મોટા મોટા મધ્વાચાર્ય, નિંબાર્ક, વલ્લભાચાર્ય તેમણે આત્મારૂપે રહીને ભગવાનને વિષે પ્રીતિ ને બ્રહ્મસ્વરૂપ કહી છે.

ગ.મ.૪૫ તમારામાં માયાના ત્રણ ગુણ, દશ ઈંદ્રિયો, દશ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય ને ચૌદ ઈંદ્રિયોના દેવતા એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી ને સર્વે માયિક ઉપાધી થકી રહિત સતામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે.

આ દેહે કરીને ભગવાન અને ભગવાનના સંત તેનો મહિમા સમજીને તે રાજી થાય ને કૃપા કરે તેમ જ આપણે વર્તવું. અને જેને જેને ભગવાનને અને ભગવાનના સંતને રાજી કર્યા હશે તે જ આલોક અને પરલોકને વિષે સુખિયા છે માટે ભગવાન અને ભગવાનના સંત રાજી થાય એ જ ઉપાય કરવો.

ગ.મ.૪૬

ગ.મ.૪૬ઃ જે ધર્મવાળા હોય અને તપસ્વી હોય પણ જો ભગવાનનો અને ભગવાનના સંતનો અભાવ લીધો હોય તો તે ભગવાનના ધામને ન પામે અને વળી જે પંચ મહાપાપેયુક્ત હોય ને તેને જો ભગવાન ને ભગવાનના સંતને વિષે અવગુણ ન આવ્યો હોય, તો એના પાપ નાશ થઈ જાય ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય.

ગ.મ.૪૮

ગ.મ.૪૮ઃ 'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' એ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મને માયાના પાસ થકી મુકાણો છે અને જેને ઘેર એવા પુરુષે જન્મ ધર્યો તેના મા બાપ પણ કૃતાર્થ જાણવા એમ જેના અંતરમાં અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે છે એથી ઉપરાંત મનુષ્ય દેહનો બીજો લાભ નથી, અને એ તો સર્વે હરિભક્તોમાં મુખિયો (શ્રેષ્ઠ) છે.

ગ.મ.૫૦ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા જીવાત્માને લીન કરી રાખ્યો છે, અને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોતમ ભગવાન ને તે ભગવાનના ભક્ત તે સંઘાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે.

આ જીવને કાળ,કર્મ, નાશ કરી શક્યા નથી અને માયા પણ પોતાના વિશે લીન કરી શકી નથી ને હવે તો ભગવાન મળ્યા છે માટે કાળ-કર્મ-માયાનો શો ભાર છે? અને જે અમારી સોબત રાખશે તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી.

ગ.મ.૫૧ ત્રણે અવસ્થામાં ત્રણ ગુણનો સંગ જીવને રહે છે. માટે જ્યાં સુધી ગુણનો સંબંધ રહે ત્યાં સુધી કોઈ જીવ સુખીયો રહે નહીં ને જ્યારે આત્મસત્તારૂપે રહે ત્યારે જ સુખી રહે છે.

ગ.મ.૫૩ મૂર્ખ ભગવાનના ચરિત્રમાં દોષ પરઠે છે. પણ એમ નથી જાણતો જે ભગવાન તો અનંતકોટી બ્રહ્માંડને વિષે રહ્યા એવા જીવ, ઈશ્વર તેને જેમ હથેળીમાં જળ ટીંપું હોય ને તે દેખે તેમ દેખે છે એમ અનંતકોટી બ્રહ્માંડના આધાર છે ને લક્ષ્મીના પતિ છે અને અનંતકોટી બ્રહ્માંડના કર્તા હર્તા છે અને શેષ, શારદાને બ્રહ્માદિક દેવ તે પણ તેના મહિમાનો પાર નથી પામતા અને નિગમ પણ જેના મહિમાને નેતિ નેતિ કહે છે.

**ક્રમશઃ**



અનાદિમુક્ત તો મહારાજના સંકલ્પ ભેળો સંકલ્પ મેળવીને અનેક જીવને સુખિયા કરી મુકે છે.

# અષાઢી ઉજવણી ઉપલક્ષે

**જ્ઞાન-ધ્યાન-ઉપાસના શીબીર અને ત્રીદિનાત્મક પારાયણ** (લેખનઃ શ્રી પ્રફુલ ગાંધી-અમદાવાદ)
સંકલનઃ શ્રી કલ્યાણ વેકરિયા-બળદિયા

તા.૧૯-૭-૨૦૨૫ થી તા.૨૪-૭-૨૦૨૫ સુધીમાં જે પ્રસંગોચિત વાત થઈ તેની ઝાંખી સંક્ષિપ્તમાં અહીં પ્રસ્તુત છે.

**સદ્ શા.શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીઃ- (વક્તાશ્રી)**

- અબજીબાપાશ્રી સં ૧૯૭૪માં અંતરધ્યાન થવાનો સંકલ્પ કરેલ તે નિમિતનો આ અષાઢી ઉજવણી પ્રસંગ છે.
- આવા પ્રસંગોથી આપણે ભેળા થઈ આપણે વિશેષ ભગવાનનું ભજન કરવાની પ્રેરણા મળે છે.
- જોબનપગીના પાપ કેટલા? પણ ભગવાનના શરણે થયો તો બધા પાપ બાળી દીધા.
- સંતને તો કચરો ને કંચન સમ વર્તે છે. ગરીબ અને તવંગર પર સરખી નજર રહે છે. તેવા મુનિસ્વામીનો આપણને યોગ મળ્યો છે.
- ''અમારે તો એક જ વેપાર, દેવી મૂર્તિ એ જ કરાર.'' મોટા મુક્તો તો આ કામ કરે છે.
- જ્યાં સુધી આપણ એ મૂર્તિના ઘરાક નહીં થઈએ ત્યાં સુધી ચૈતન્ય પરના મેલ નહિં નીકળે. માટે મોટાનો યોગ કરી લેવો. આળસ-પ્રમાદ છોડી દેવા.
- પરમાત્માનો સંબંધ આત્મા સાથે છે દેહ સાથે નથી.
- મોટા સંતો જે લખે છે તે પોતાના આનંદ માટે પોતાનો ભાવ પ્રગટ કરે છે. આપણને એનો લાભ મળે છે. તે ઉપર મોટા સંતો શાસ્ત્રો લખ્યા તેની વાત કરી.
- જેમ લાડુ બનાવવા લોટ, ખાંડ, એલચી વગેરે સામગ્રી જોઈએ છીએ પણ ઘી ન હોય તો લાડુ ન બને. તેમ આપણા જીવનમાં બધુ હોય પણ ભગવાન ન હોય તો જીવન નકામું છે. ભલે ને પછી વ્યવહારિક બુદ્ધિ ઝાઝી હોય તોય શું?
- પરિક્ષિતને ભગવાનના ચરિત્રમાં સંશય થયો ત્યારે શુકદેવજીએ એમને ચેતવ્યા. માટે ભગવાનના ચરિત્રમાં મનુષ્યભાવ ન લાવવો. તેમજ દેહને પોતાનું સ્વરૂપ ન માનવું. પોતાને ધામરૂપ માનવું ને ભક્તિ કરવી.
- અત્યારે ચાતુર્માસ ચાલે છે માટે આઠ નિયમમાંથી કોઈ એક નિયમ વિશેષપણે ધારવો.
- જે સર્વસ્વ ભગવાનને અર્પણ કરે છે તેની ખબર ભગવાન રાખે છે. તે પર વડોદરાના સામબાઈ અને બુરાનપુરના ભક્તોની મહારાજે સંભાળ લીધી તે વાત કરી. ભગવાન તો કૃપાસાધ્ય છે પણ તેનો લાભ જે તેમનું શરણું લઈ તેની અનુવૃત્તિમાં રહે તેને છે.
- ઉદ્ધવજી ગોપીઓનો પ્રેમ જોઈ વૃંદાવનની વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો.
- દુકાનદાર દુકાન ખોલે છે ત્યારે દુકાનને પાંચવાર પગે લાગે છે કેમ કે તે જાણે છે જે આનાથી મારૂં અને મારા કુટુંબનું ગુજરાન છે. તેમ પવિત્ર ભૂમિની ધૂળ માથે ચડાવે તો કામ થઈ જાય.
- આપણે કથાનું શ્રવણ તો કરીએ છીએ પણ મનન અને નિદિધ્યાસ નથી કરતા તેથી તેનું ફળ નથી મળતું. માટે પ્રથમ તો શ્રવણ માટે કથા-વાર્તામાં જીવની રૂચી થવી જોઈએ.
- દેહભાવમાં દુઃખ છે, દિવ્યભાવમાં સુખ છે.
- જેમ પોસ્ટના થેલામાં લગ્નની કંકોત્રીઓ હોય અને મૃત્યુના શોક સમાચારના પત્ર પણ હોય તેનું થેલા ને કાંઈ નહિ. તેમ આપણે પણ આ દેહને એવો કરી દેવો. સમબુદ્ધિ રાખવી.
- શ્રદ્ધા છે તે મુખ્ય છે. આધ્યાત્મિકતાની ઉન્નતિ શ્રદ્ધાથી થાય છે એમ નારાયણમામા કહે છે.
- ઉપાસના ટકી રહે તે માટે મહારાજે ત્યાગનો પક્ષ મોળો કરીને પણ મંદિર બંધાવ્યા. ઉપાસના દઢ કરવા ભગવાનનો મહિમા સમજવો.
- આપણને જે મુક્તો મળ્યા છે તેમને બધાયને શ્રીજીમહારાજમાં જોડ્યા છે કોઈએ પોતામાં નથી જોડ્યા.
- મહારાજ આપણી પાસે આપણું મન માંગે છે અને તે આપણે નથી આપતા. દાદાખાચરે પોતાનું મન આપ્યું તો ત્યાં અખંડ રહ્યા.
- આપણે માનસી પૂજા, ધ્યાન આદિ જે જે કરીએ તે ગદ્-ગદ્ ભાવે કરવી તે પર પર્વતભાઈની માનસીપૂજાની વાત કરી.
- ભગવાન તો અધમ-ઉધારક છે તે પર જેતલપુરની ગણિકાની વાત કરી.
- બાપાશ્રી સંતોને કહેતા કે તમે કોઈકને માયિક વસ્તુ આપશો તેમાં અમે નહિં ભળીએ પણ તમે જીવનું કલ્યાણ કરશો

એમાં ભેળા ભળશું.

- અંદર અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તે અંતરદષ્ટી. તેવા ભક્તની દરેક ક્રિયા નિર્ગુણ છે કેમકે ભગવાનના સંબંધવારી છે.
- સત્વગુણ વર્તતો હોય ત્યારે ધ્યાન કરવું. રજોગુણ વર્તતો હોય ત્યારે આત્મવિચાર કરવો. અને તમોગુણ વર્તતો હોય ત્યારે ભગવાનની સેવા, સ્મરણમાં મનને પરોવવું.
- જેમ જમીન ખેડી કાંટા-કાંકરા ખેડૂત કાઢે છે ત્યારે મોલ થાય તેમ કામ-ક્રોધ-લોભ-માન કાઢીએ ત્યારે સુખે ભક્તિ થાય, ભાવ પ્રગટે અને હૃદયમાં ભગવાન બિરાજમાન થાય.
- ભગવાનના સ્વરૂપનું જ્ઞાન આપવા માટે સંતોએ ક્યારેય પોતાની કલમ નીચે નથી મૂકી. પોતાના સ્વાંત સુખાય માટે તેમણે શાસ્ત્રોની રચના કરી છે.
- આપણે સતત બ્રહ્મભાવમાં રહેવાનું. બ્રહ્મરૂપે ભક્તિ કરવી એ જ મુક્તિ છે એમ મહારાજ શિક્ષાપત્રીમાં કહે છે. માટે સંતનો યોગ કરી એ ભાવ દઢ કરવો. સત્પુરુષના યોગ વિના મોક્ષ ન થાય.
- 'અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' ગ્રંથની પારાયણ ચાલે છે એવા ગ્રંથના રચનાર મુનિસ્વામીને બાપાશ્રીના યોગ-સમાગમની કેટલી બધી તાલાવેલી. તો બાપાશ્રીએ તેમને ન્યાલ કરી દીધા.
- સેવા જેટલી નીચી, ફળ તેટલું ઊંચુ. જેવી પ્રીતિ તેવી પ્રાપ્તિ.
- ભગવાન અને સંત એ કલ્યાણના દાતા છે. એમ ગુણાતિતાનંદ સ્વામી કહે છે.
- જેનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભગવાનની અચળ ભક્તિ હોય તે એકાંતિક છે. મૂર્તિ સન્મુખ રહી મૂર્તિમાં અખંડ જોડાયેલ સિદ્ધમુક્ત તે પરમ એકાંતિક છે. અને અનાદિમુક્તની તો વાત જ જુદી છે. તે તો સળંગ મૂર્તિમાં રસબસ જોડાયેલ છે.
- વડોદરાના પ્રભાશંકર પૂજારીના સંકલ્પો પૂર્ણ કરી શ્રીજીમહારાજ તેમને ભગવાનપણાનો નિશ્ચય કરાવેલ.
- બાપાશ્રીએ અધમ જેવા જીવના કલ્યાણ કર્યા છે. જીવને એક દેહમાંથી બીજાના દેહમાં મૂકવા જેવા ઐશ્વર્ય બતાવ્યા છે. નિરાવરણ દૃષ્ટિઓ આપી છે.
- દેવો, ઈશ્વરો ભગવાનની શકિત છે માટે આપણે તેમની નિંદા ન કરવી. સર્વે અવતાર અને શક્તિઓ શ્રીજીમહારાજને આશરીને છે.
- વગર વાંકે વઢે તો પણ રાજી રહેવું એમ સીતા જેવી સમજણ રાખવી. જેને ભગવાન અને ભગવાનમાં પ્રીતિ છે તેનાથી એમ રહેવાય, અને સત્સંગ થકી ક્યારેય ઉદાસ ન થાય.
- અનાદિમુક્તો પુરુષોત્તમનારાયણના સ્વરૂપમાં સદાય રહ્યા છે. તે ઉપર વ્યાપકાનંદ સ્વામી અને સચ્ચિદાનંદ સ્વામીની વાત કરી. તેમજ પર્વતભાઈની વાત કરી તેમજ બાપાશ્રી સમકાલીન સંતો તથા મુક્તોની સ્થિતિની વાત કરી. એવા અનાદિમુક્ત સાથે આત્મબુદ્ધિ કરવી.
- બાપાશ્રી કહે છે કે અનંત બ્રહ્માંડમાં ન મળે એવા આ મુનિસ્વામી છે, તે આપણને મળ્યા છે.
- મુનિસ્વામી 'અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' પુસ્તક બાપાશ્રી પાસે પ્રસાદિનું કરાવ્યું. બાપાશ્રીએ તેનું પૂજન કરી સહી કરી આપી અને તેનું પઠન કરનારનું કલ્યાણ થશે એવા આશીર્વચન આપ્યા.
- આશ્રમ રોડ બનતો હતો ત્યારે અનેક વૃક્ષ કાપવાનું થતું હતું. ત્યારે મનસુખબાપાએ ઈશ્વર સ્વામી પાસે પાણી પ્રસાદીનું કરી વૃક્ષોને વર્તમાન ધરાવી ધામમાં મૂકી દીધા. જેટલું મહારાજનું કર્યું થાય છે તેવું મુક્તનું કર્યું પણ થાય છે.
- મુનિસ્વામી 'અબજી' નો અર્થ સમજાવતા કહે છે કે 'અ' કહેતા સ્વતઃસિદ્ધ અનાદિમુક્ત, 'બ' કહેતા બધાયને પામવા યોગ અને 'જી' કહેતા સર્વેને જીતનારા.
- પ્રભુ પામવા ઉપાય બધાય કરે છે પણ પોતાની મન માની રીતે. પણ પોતાનું મનગમતું મેલી મોટાની અનુવૃત્તિમાં રહેવું તો રાજીપો મળે. ''મનગમતું સર્વે મેલીને, ગુણ તમારા ગાવા રે..''બ્રહ્માનંદ સ્વામી આમ ગાય છે. માટે મહારાજે જે ધર્મ પ્રબંધ બાંધ્યો છે તે પ્રમાણે રહેવું તો સુખ થાય.
- બાપાશ્રી કેવા મોટા? તો પણ સંતો જમતા હોય તેમને દંડવત્ કરે. સંતો ના પાડે તો કહે અમે તો શ્રીજીમહારાજને દંડવત્ કરીએ છીએ.
- આપણું આચરણ એવું હોવું જોઈએ કે કોઈને ખોટો સંકલ્પ ન થાય.
- બાપાશ્રી કેરા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી નદીના ઘરે નાહવા પધારે છે ત્યારે બધાયને આશીર્વાદ આપે છે અને ન આવી સકેલ સંતો-હરિભક્તોને પણ યાદ કરી તેમનું પુરુ કરવાનો સંકલ્પ કરે છે.

- બાપાશ્રી ભુજ મંદિર પધારે છે અને બ્રહ્મચારીની પ્રશંસા કરતા કહે છે કે આ બ્રહ્મચારી અમારુ મન છે. અમારી મરજીને જાણે છે. ત્યારે બ્રહ્મચારી કહે છે કે જેવો છું તેવો તમારો છું માટે સદાય ભેળો રાખજો. બાપાશ્રી તેમના પર પ્રસન્નતા જણાવી ભેટે છે અને સુખીયા કરી મુકે છે.
- દિવસો-મહિનાઓ કથા કરો તો પણ બાપાશ્રીનો મહિમા પૂરો ગાઈ શકાય નહિ. માટે સંક્ષિપમાં વાત થઈ છે.
- બાપાશ્રી ૮૩ વર્ષ, ૭ માસ અને ૨૪ દિવસ આ પૃથ્વી પર રહ્યા. એમાં છેલ્લા દિવસે ઉપદેશ આપતા કહે છે, ''હું તમારા ભેળો રહી તમારી રક્ષા કરીશ, આગળ દેશ-કાળ કઠણ આવશે કારણકે સત્સંગમાં રાહુ-કેતુ જેવા હોય તે પોતાના સ્વભાવ મૂકે નહી; માટે સાવધાન રહેજો, તમારી પરીક્ષા થશે ત્યારે શૂરવીરપણું રાખી કામ કરશો તો તમારી રક્ષા કરીશ. અમારા વચન સત્ય માનજો.'' આપણે આ વચન સંભારી રાખવા.
- આમ ઉપદેશ આપી બાપાશ્રી અષાઢ સુદ:૫ ના રાત્રે ૧ વાગ્યે મનુષ્યલીલા સંકેલી.

**પ્રવચનમાળા - સંતો**

**સદ્ શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીઃ-**

- જાદવજીબાપાએ બાપાશ્રી તેમજ પોતાના પિતા કાનજીબાપાની ખૂબ સેવા કરી છે.
- જાદવજીબાપા પાસે અખંડ કથા-વાર્તા થયા કરતી.
- સોમચંદબાપાએ પણ બાપાશ્રીની ખૂબ સેવા કરી છે. આશાભાઈએ પણ સેવા કરી છે. જેમને જેમને બાપાશ્રીની સેવા કરી છે તે મોટાઈ પામ્યા છે.
- આ છતેડી સ્થાનને પોતાનું જાણી દર્શન કરવા આવવાનો આગ્રહ રાખજો.

**સદ્ બ્રહ્મ સ્વામી :-**

- આ છતેડીધામે કોઈ સંતો નથી રહેતા છતાં પણ જે વિકાસ થઈ રહ્યો છે તે એક મોટો ચમત્કાર છે.
- બ્રહ્મસ્વામીને પોતાના દાદાગુરૂ પાસેથી શ્રીજીમહારાજની પ્રસાદીભૂત ખેસ, ચરણપાદુકા અને ચરણાર્વિંદની છાપ મળેલ તે છતેડી સ્થાનને સહુ હરિભક્તોના દર્શાનર્થે અર્પણ કરી.

**સદ્ શ્રીજીપ્રકાશ સ્વામીઃ-**

- આ પારાયણના યજમાન શ્રી કુમારભાઈના દાદાશ્રી તુલસીદાસભાઈએ પ્રથમ સ્ટીલના વાસણો બન્યા ત્યારે સ્ટીલના વાસણો મંદિરને અર્પણ કરેલ.
- આ પારાયણના સહયજમાન શ્રી ભાઈલાલભાઈ તથા શ્રી કનુભાઈ ઝુંડાલ ગામના છે અને શીરસાટે સત્સંગ રાખ્યો છે. જેઓ કાયમી સહયજમાન તરીકે જોડાયા છે.
- મોટા મુક્ત જ્યારે વર્તમાન ધરાવે છે ત્યારે જીવના કલ્યાણની જવાબદારી લે છે અને યેન-કેન પ્રકારે તેનું કલ્યાણ કરે છે. તે પર ઈશ્વરભાઈની ખબર રાખી અને તેમનું કલ્યાણ ઈશ્વરસ્વામીએ કર્યુ તે વિસ્તારીને વાત કરી.
- બાપાશ્રીએ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા મુનિસ્વામીની જોડ કરી હતી. તેમને લીધે કચ્છના સત્સંગીઓને બાપાશ્રીની ઓળખાણ થઈ.

**સદ્ શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામીઃ-**

- ઉત્સવ સમૈયાના માધ્યમ થકી હજારો હરિભક્તોને સત્સંગનો લાભ મળે છે.
- મહારાજ જ્યાં જ્યાં જતા ત્યાં રાત્રીના પણ સભા કરી બેસતા અને સવાર સુધી સત્સંગ કરાવતા.
- બ્રહ્માનંદ આદિ નંદસંતોએ હજારો કિર્તનોની રચના કરી ભગવાનને રાજી કર્યા છે.
- મુક્તાનંદ સ્વામીએ બ્રહ્મસુત્ર ઉપર ભાષ્ય લખી સાકારપણાની ઉપાસનાનું પ્રતિપાદન કર્યુ છે. તેમજ બીજા સંતોએ મહારાજના ચરિત્રોના અનેક ગ્રંથો રચ્યા છે.
- વચનામૃત રહસ્યાર્થ અને બાપાશ્રીની વાતો અદ્ભૂત ગ્રંથ છે. મુનિસ્વામીએ શિક્ષાપત્રી રહસ્યાર્થ ઉપરાંત જીવનવૃતાંત રચ્યો. એમ કારણ સત્સંગમાં પણ અદભૂત ગ્રંથ રચાયા છે.
- આ સ્થાનમાં બાપાશ્રીએ પણ પારાયણ-સમૈયા કર્યા છે. માટે આપણે પણ અહીં થતા ઉત્સવ- સમૈયાનો લાભ લેવા આવી જવું.
- રામકૃષ્ણભાઈ આદિ મુક્તોએ મુનિસ્વામીને એક મહિનો મુંબઈ લઈ જઈ તેમની સેવા કરી અનેકને લાભ અપાવ્યો હતો. સોમચંદબાપા તથા નારાયણમામાને પણ મુંબઈ લઈ જઈ તેમની સેવા કરી બીજાને લાભાવિંત કરેલ છે.

**પ્રવચનમાળા - હરિભક્તો**

**શ્રી પરષોત્તમભાઈ પટેલઃ-**

- જ્યાં સુધી આજ્ઞા દૃઢ નથી થઈ ત્યાં સુધી ઉપાસના દૃઢ ન

કહેવાય.

- મોટા મળ્યા માટે કલ્યાણ થઈ ગયું છે એમ સમજી ભગવાનની મૂર્તિનું અનુસંધાન અખંડ રાખવું. શ્રવણ મનન નિદિધ્યાસ કર્યા કરવો.
- દિવ્ય દૃષ્ટિ થાય તો સર્વત્ર મહારાજનું દર્શન થાય. બધાયમાં મહારાજ દેખાય.
- દુર્લભ એવો મોટાનો યોગ આપણને મળ્યો છે, એ આપણા મોટા ભાગ્ય છે.

**શ્રી કલ્યાણભાઈ વેકરિયાઃ-**

- બાપાશ્રીએ અષાઢ સુદ-૧૨ સં-૧૯૭૪ના આ લોકમાંથી અદૃશ્ય થવાનો સંકલ્પ કર્યો ત્યારે સંત-હરિભક્તની પ્રાર્થનાથી બીજા દસ વર્ષ રહ્યા અને અષાઢ સુદ-૫ સં-૧૯૮૪ના અંતરધ્યાન થયા.
- અષાઢ સુદ-૫, સં-૧૯૮૪ના બાપાશ્રી અંતરધ્યાન થયા ત્યારે એમ બોલ્યા જે અમે સત્સંગમાં અખંડ રહેશું માટે આપણને બાપાશ્રી મળ્યા છે એવા ભાવમાં રહેવું.
- ધર્મનું ફળ જ્ઞાન છે એમ ગોપાળાનંદ સ્વામી અને મોટા-મોટા સંતો અને મહારાજ વચનામૃતમાં વારંવાર કહે છે. પણ સંસારીઓ ધર્મનું ફળ પૈસો એવું કરી બેઠા છે. જેની પાસે ધન-દોલત છે તે દુઃખીયો છે અને જેની પાસે ધન-દોલત નથી એ સુખીયો છે. એ વાત રાત્રે બધાને જગાડીને મહારાજ શા માટે કહે? માટે જ્ઞાન-ધ્યાન-ઉપાસના શીબીરમાં જે જે આવ્યા છે એ ધર્મફળ સ્વરૂપ છે એમ સમજવું.
- ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે પૈસાએ કરીને સુખ થાય એવી કલમ કોઈ મોટા સંતોએ લખી નથી.
- શ્રીજીમહારાજે અન્ન-વસ્ત્ર-આબરૂ, ઓટલો-રોટલો માંગી લીધો છે. છતાં તેના માટે આપણે પ્રચંડ પુરુષાર્થ કરીએ છીએ. અને ધર્મ-જ્ઞાન- વૈરાગ્ય-ભક્તિ માટે પુરુષાર્થ કરવાનું કહ્યું છે ત્યાં આપણે આળસ કરીને બેઠા છીએ.
- પરોક્ષ સંતોએ અનાદિમુક્તની વાત કરી છે તે વાત કરી પોતાને બદલવાની વાત કરી.

**શ્રી બાબુભાઈ ડુંગરાણી :-**

- મુંબઈમાં શ્રી રામકૃષ્ણભાઈ સોમૈયા તથા શ્રી રમેશભાઈ દવેએ સત્સંગ દૃઢ કરાવ્યો છે. એમ મુનિસ્વામી જેવા મુક્તોને મળેલા આ મુક્તોએ પણ અનેકને સત્સંગના રંગે રંગ્યા.
- દરેક ચૈતન્યને મૂર્તિરૂપ થયે જ છૂટકો છે. અંત ઘડીએ પણ ભગવાન યાદ આવે તોય કામ થઈ જાય.
- સત્ય એ છે જે ક્યારેય બદલાય નહિ.

**શ્રી રાકેશભાઈ પટેલ :-**

- આપણે અહીં મુક્તોની વાણી સાંભળીએ છીએ તે એક બીજા સાથે મળતી આવે છે. કારણ કે તે અનુભવવાણી છે.
- બાપાશ્રીએ આપણને કૃપામાં રાખી દીધા છે. મામાશ્રીએ શાર્ધ શતાબ્દી મહોત્સવમાં આ વાતની આપણને પ્રતીતી કરાવી.
- આપણે ઝાઝું ન કરી શકીએ પણ આ સ્થાનમાં બીજાને દર્શન કરવા લઈ આવીએ તો પણ મોટી સેવા કહેવાશે, કારણ કે તે આત્યંતિક કલ્યાણના આશીર્વાદમાં આવી ગયો.

**શ્રી પ્રશાંતભાઈ સ્વદાસઃ-**

- સદ્ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના યોગમાં જે જે આવતા તેમને ઈશ્વરસ્વામી બાપાશ્રી પાસે મોકલતા. તે ઉપર અ.મુ.શ્રી હીરજી ભીમજી ચાવડા, બેચરભાઈ આદિ અનેક મુક્તોની વાત કરી અને સ્વદાસ સાહેબની અનુભૂતિ પણ કહી, ''જે સ્વામી અંતરધ્યાન થયા પછી પણ દર્શન આપેલ. એમ સદાય પ્રગટ છે.
- મામાશ્રી વિદ્યાનગર પધારેલ અને જે વિડીયો રેકોર્ડીંગ કરેલ તે જ રેકોર્ડીંગ સભામાં બતાવેલ. તેની પણ વાત કરી.
- વચનામૃત રહસ્યાર્થની પ્રથમ આવૃતિ ઈશ્વરસ્વામીએ છપાવેલ, બીજી આવૃત્તિ મુનિસ્વામીએ છપાવેલ, ત્રીજી આવૃતિ વિદ્યાનગરમાં સ્વદાસ સાહેબની નિગરાણીમાં છપાયેલ અને ત્યાર પછીની આવૃત્તિઓ પૂજ્ય શ્રી નારાયણમામાએ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા છપાવી તેની વાત વિસ્તારીને કરી.

**શ્રી જગદિશભાઈ ઠક્કર :-**

- અહીં પહેલા અષાઢી ઉજવણીનો સમૈયો એક દિવસ માટે જ થતો. ત્યારે તેઓ મામાશ્રી જોડે આવેલ તે વાત કરી.
- બાપાશ્રી ૧૦ વર્ષ સંત-હરિભક્તોની પ્રાર્થનાથી રહ્યા તે નિમિતે આ સમૈયો છે.
- આપણે સહુ છેલ્લા જન્મના આશીર્વાદમાં આવી ગયા છીએ.

**શ્રી રાજભાઈ સોમૈયા :-**

- ધનબા ફઈબાની કૃપા અમારા કુટુંબ પર હતી. નવલબાને શ્રીજીમહારાજનો અખંડ સાક્ષાત્કાર હતો તેના અમે વારસદાર છીએ.
- આપણે જીતનો ડંકો વાગી ગયો છે એમ સોમચંદબાપા કહેતા માટે પૂર્ણનિષ્ઠા રાખવી.
- કરાચીમાં કલીફટન બીચ પર બે સૈનિકો આવી ઈશ્વરસ્વામીને પ્રાર્થના કરી કે અમે વિશ્વયુદ્ધમાં લડવા જઈએ છીએ તો આશીર્વાદ આપો, ત્યારે સ્વામી તેને આશીર્વાદ આપે છે અને તેમનું રક્ષણ પણ થાય છે.
- બાપાશ્રીએ શ્રીજીમહારાજને જેવા છે તેવા ઓળખાવ્યા છે અને અનાદિમુક્તની સ્થિતિ કરાવી છે.
- જાદવજીબાપા કહેતા જે આપણને કોણ મળ્યા છે તેનો કેફ રાખવો.

**શ્રી રાજભાઈ વકીલ :-**

- ભગવાન ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ લીલા પણ જીવોના કલ્યાણને અર્થે કરે છે એમ ભગવાનની દરેક જીવ ઉપર કૃપા છે. તેમ છતાં જીવ ભગવાન સન્મુખ નથી થતો.
- જ્યાં સુધી જીવ સિદ્ધદશાને નથી પામતો ત્યાં સુધી તેમાં છુપું નાસ્તિકપણું રહે છે. અને જ્યાં સુધી દિવ્યભાવ ન આવે ત્યાં સુધી જન્મ ધરવો પડે એમ બાપાશ્રી કહે છે. માટે ભગવાન પામવાનો આગ્રહ કરવો ખપે. જેમ હીરો ખોવાઈ ગયો હોય તો તેને શોધવા કેટલો દાખડો કરે? તેમ ભગવાન પામવા પુરુષાર્થરૂપી પ્રસન્નતાના સાધન કરવા.

**શ્રી કુમારભાઈ સોમૈયા :(પારાયણના યજમાનશ્રી)**

- 'અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' ગ્રંથ ખૂબ જ સરસ અને ઉચ્ચ સ્થિતિ પમાડનાર ગ્રંથ છે. અમે પણ મુનિસ્વામીનો યોગ-સમાગમ કરી ઘડાયા છીએ.
- સદ્.શા.શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ આપણને તેના ઉપર ખૂબ જ બળ ભરી વાતો કરી છે.
- આ નૈમીષારણ્ય ક્ષેત્રમાં સહુને શાંતિ મળે છે. માટે આ સ્થાનમાં વારંવાર આવી આવો અલભ્ય લાભ લેવો.
- સહયજમાન શ્રી ભાઈલાલભાઈનું સેવાનું અંગ છે. માટે એમને 'સેવાલાલ' કહીએ તો ખોટું નથી.

**શ્રી ભાઈલાલભાઈ પટેલ (પારાયણના સહયજમાનશ્રી)**

- મહારાજ અને મુક્તોના વચનમાં જેમને વિશ્વાસ આવે તેના સર્વે કામ થાય છે.
- મહારાજ અને મોટાને આપણે થોડું અર્પણ કરીયે તોય તે અનંતગણું કરીને આપણને આપે છે.

**શ્રી ગોવિંદભાઈ વેકરિયા (બાપાવારા)-પ્રમુખશ્રી છતેડીધામ**

- આ સભામાં મહારાજ અને મુક્તો પ્રત્યક્ષપણે બીરાજે છે.
- વક્તાશ્રીએ આપણને મહારાજ અને બાપાનો સિદ્ધાંત શું છે તે સમજાવ્યો.
- મોટા મુક્તોને હમેંશા સત્સંગમાં તકલીફો આવી છે તે ઉપર નિર્ગુણદાસ સ્વામીને મંદિરમાંથી કાઢવાની વાત વિસ્તારપૂર્વક કરી.
- બાપાશ્રીએ મહારાજને જેમ છે તેમ ઓળખાવ્યા પણ ઘણા લોકો તે સમજી શક્યા નહીં અને આજે પણ વિરોધ કરે છે. મહારાજ ને બીજા જેવા જાણીયે તો વેશ્યાના જેવી ભક્તિ કહેવાય. માટે આપણે બધુ ખોટું કરી એક મૂર્તિ રાખવી એમ બાપાશ્રી વારંવાર કહે છે.
- આપણને જે મુક્તો મળ્યા છે તેમના વચનમાં વિશ્વાસ રાખવો અને બધાય સત્સંગીયો પ્રત્યે દિવ્યભાવ રાખવો.
- બ્રહ્મચારી મહારાજ અને મુનિસ્વામીએ બાપાશ્રીને ઓળખાવ્યા અને 'અનાદિમુક્ત ચરિત્રામૃત' અને 'અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' ગ્રંથ આપણને આપ્યા છે. તેથી આજે પણ બાપાશ્રીની જેમ છે તેમ ઓળખાણ થાય છે.

છેલ્લે યજમાન, સહયજમાન, મહેમાનો, સ્વયંસેવકો, સાઉન્ડ/લાઈટ, પ્રસારણ વગેરે સેવા આપનાર તથા રસોડાની સેવામાં સદાય તત્પર એવા ભક્તોનો આભાર માની અંતમાં યજમાન-સહયજમાનશ્રીઓનું સન્માન કરી અંતમાં વક્તા અને સંતોનું પૂજન કરી આરતી ઉતારી પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી.

દરેક સત્રમાં પારાયણના પ્રારંભે મધ્યે અને અંતે સંગીતકારોએ મહારાજ-બાપા-સદ્ગુરૂઓ તથા સભાનો રાજીપો મેળવવા સરસ મજાની ધૂન અને કિર્તનોની રમઝટ બોલાવી. તા.૨૩/૭/૨૫ના ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવ્યો. ઉપરાંત પ્રથમ દિવસે પોથીયાત્રા, બીજા દિવસે છાબ-ભેટ ભગવાનને અર્પણ કરવામાં આવ્યા. આમ આ અષાઢી ઉજવણીની દિવ્ય સ્મૃતિ સાથે સહુ સંતો-હરિભક્તો પોતપોતાના સ્થાને જવા વિદાય લીધી.

# કેળવણી

## અષાઢી બીજ (કચ્છી નવું વર્ષ) ની ઉજવણી

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી બળદિયા મધ્યે તારીખ ૨૮/૬/૨૦૨૫ના રોજ (કચ્છી નવા વર્ષ) અષાઢી બીજની ઉજવણી ધામધૂમથી કરવામાં આવેલ.

શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ શાળા સત્ર શરૂ થતા ની સાથે જ દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજ ની ઉજવણી શાળામાં ઉત્સાહભેર કરવામાં આવેલ. શાળાના નિયમ પ્રમાણે દરેક હાઉસને અષાઢી બીજના ઉત્સવ નિમિત્તે પાંચ મિનિટ માટે કોઈ એક કૃતિ અથવા એક્ટિવિટી કરાવવા માટેનો સમય આપવામાં આવેલ. ગુજરાતની જનતા ઉત્સવો પ્રિય જનતા છે એમાં પણ અષાઢી બીજ એટલે ખેડૂતો માટે ખુશીનો દિવસ અને કચ્છી લોકો માટે નવું વર્ષ આમ અષાઢી બીજનું મહત્વ દર્શાવતો આ તહેવાર એટલે કચ્છી નવુ વર્ષ. આ સમગ્ર કાર્યક્રમની જવાબદારી નોલેજ હાઉસને આપવામાં આવેલ કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્ય કરી અને શાળાના આચાર્યશ્રીનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવેલ. સૌપ્રથમ પ્રથમ ક્રમ ઉપર શાળાના એક્સેલેન્સ હાઉસ દ્વારા કચ્છી કાવ્યપંક્તિ પજૂ કરવામાં આવેલ તથા ''વાગ્યો રે ઢોલ '' પર ડાન્સ પ્રસ્તુત કરવામાં આવેલ આ નિહાળી શાળાના બાળકો ખુબ ખુશ થયા હતા. ત્યારબાદ બીજા નંબર ઉપર જીનિયસ હાઉસના બાળકો દ્વારા 'ધરતીનો ધણી' ગીતનું ગાન કરી અને સૌને મંત્રમુગ્ધ કરેલ ત્યારબાદ જય જગન્નાથ પર જીનિયસ હાઉસની બાળાઓ દ્વારા ડાન્સ રજૂ કરવામાં આવેલ તેમના પછી ઈન્ટેલિજન્સ હાઉસના વિદ્યાર્થીઓ દ્વારા ખેડૂત અને ગ્રામજનોની વ્યથા અને અષાઢી બીજ આવતાની સાથે વરસાદની રાહ જોતા ખેડૂતો અને પોતાના પાકની ચિંતા કરતા ખેડૂતો ભગવાનને પ્રાર્થના કરે છે ભગવાન એમની પ્રાર્થના સાંભળી અને આજ દિવસે વરસાદ વરસાવે છે એ થીમ દર્શાવતું એક સરસ મજાનું નાટક પ્રસ્તુત કરવામાં આવેલ આ સમગ્ર કાર્યક્રમ નિહાળી અને બધા જ વિદ્યાર્થીઓ શિક્ષક મિત્રો ખૂબ જ ખુશ થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નોલેજ હાઉસના શિક્ષિકા શ્રી જીનલબેન સોની અને શ્રી પલ્લવીબેન ભુડિયા દ્વારા કરવામાં આવ્યું હતું આ સમગ્ર કાર્યક્રમનું આયોજન નોલેજ હાઉસના શિક્ષકશ્રીઓ વિજયભાઈ ડોડીયા, નિરાલીબા સરવૈયા, જીનલબેન સોની અને પલ્લવીબેન ભુડિયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના સમગ્ર શિક્ષકોનો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમ નિહાળી અને શાળાના આચાર્યા શ્રીમતી શુંભાગીબેન જોશીએ પોતાનું વક્તવ્ય રજૂ કરેલ જેમાં કચ્છી નવા વર્ષની શુભકામનાઓ સાથે અષાઢી બીજના મહત્ત્વ વિશે દરેક વિદ્યાર્થીઓને સંદેશો આપેલ આ દિવસે નીકળતી ભગવાન શ્રી જગન્નાથપુરીની યાત્રા વિશે વાત કરી હતી અને અષાઢી બીજનું મહત્વ સમજાવ્યું હતું.

આમ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ રહ્યો હતો કે શાળાના બાળકો કચ્છી નવા વર્ષનું મહત્વ સમજે, જાણે અને સાથે સાથે અષાઢી બીજના આ પાવન પર્વનું મહત્વ સમજે.

## ગુરૂપૂર્ણિમાની ઉજવણી

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી બળદિયામાં ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ.

શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૦/૦૭/૨૦૨૫ને ગુરુવારના દિવસે શાળામાં ગુરુપૂર્ણિમા ઉત્સવનું આયોજન શાળાના ઈન્ટેલિજન્સ હાઉસ દ્વારા કરવામાં આવ્યું હતું ગુરુપૂર્ણિમા એટલે શિક્ષણ જગતનો એક એવો તહેવાર કે જેમાં શિષ્ય હંમેશા માટે ગુરુનો ઋણી રહે અને ભારતીય સંસ્કૃતિમાં ગુરુ શિષ્યના સંબંધોની જે પરંપરા છે તે જળવાઈ રહે તે મનાવવાનો ઉત્સવ એટલે ગુરુપૂર્ણિમા.

કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્યા ને પુષ્પગુચ્છ આપી તેમજ પરંપરા અનુસાર આચાર્યા અને દરેક હાઉસ હેડ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ કાર્યક્રમને આગળ વધારતા ધોરણ ૧૦ના વિદ્યાર્થી ચૌહાણ યશરાજ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થી વિવાનસિંહ ડોડીયા દ્વારા ગુરુપૂર્ણિમા વિશે વક્તવ્ય રજૂ કરવામાં આવેલ તથા સુંદર વિડિયો બતાવવામાં આવ્યાં. ત્યારબાદ શાળાના બધા જ શિક્ષકોનું કુમકુમ અને ચોખા દ્વારા તિલક કરી દીપ પ્રગટાવી વિદ્યાર્થીઓ દ્વારા દરેક શિક્ષકશ્રીઓની પૂજા કરવામાં આવેલ અને વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ કાર્ડ ગુરુઓને અર્પણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમનું સંચાલન ઈન્ટેલિજન્સ હાઉસના શિક્ષક શ્રી વિશ્વ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ તેમજ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ટેલિજન્સ હાઉસના શિક્ષિકાઓ લોચનબેન પરમાર, અર્ચનાબેન જોશી, મમતાબેન ડોડીયા તથા શાળાના સમગ્ર શિક્ષકોનો સહયોગ મળ્યો હતો. આ કાર્યક્રમને નિહાળી શાળાના વિદ્યાર્થીઓ ખૂબ જ ખુશ થયા હતા અને ગુરુ અને શિષ્યનું મહત્વ સમજ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતીય પરંપરા પ્રમાણે ગુરુ શિષ્યના સંબંધોને જાળવી રાખવા અને વિદ્યાર્થી હંમેશા પોતાના જીવનમાં શિક્ષક (ગુરુ) પાસેથી જીવન શિક્ષણ મેળવે જીવનના આદર્શ મૂલ્યો શીખે અને જીવનમાં ગુરુનું મહત્વ સમજે તે રહ્યો હતો.

## શ્રી ઘનશ્યામ એકેડેમીમાં "Family Introduction"નું આયોજન કરાયું.

તા. ૦૫-૦૭-૨૫ના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી બહેન જોષીના માર્ગદર્શન હેઠળ પારિવારિક ઓળખાણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને પરિવારના સભ્યો જેમ કે દાદા-દાદી, માતા-પિતા, કાકા-કાકી અને તેના પિતરાઈ ભાઈ-બહેનના વેશ ધારણ કર્યા હતા. પછી દાદા-દાદીનું પરિવારમાં શું મહત્વ છે, આપણને શું શીખવે એવું બધું સમજાવામાં આવ્યું અને માતા-પિતાના કાર્યો અને કાકા-કાકીના લાડ અને મસ્તી વિશેની જાણ આપવામાં આવી હતી. ઘરના વડીલનો આદર કરવો, તેના નિર્ણયને માન આપવું જોઈએ તે શીખવવામાં આવ્યું. બાળકોએ તેના માટે અલગ અલગ રોલ ભજવ્યા હતા. જેમાં K.G.Section ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પારિવારિક ઓળખાણનો મુખ્ય હેતુ એ રહ્યો હતો બાળકો પોતાના પરિવારમાં સદસ્યોને સમજે અને ઓળખાણ મેળવે અને તેનું મહત્વ સમજે.

## ગુરુપૂર્ણિમા

**'गुरु गोविंद दोनों खडे किसको लागु पाय,**

**बलिहारी गुरु आपकी, जिने गोविंद दियो बताय'**

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક/માધ્યમિક શાળા- બળદિયામાં તા.૧૦/૦૭/૨૦૨૫ને ગુરુવારના રોજ શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ''ગુરુપૂર્ણિમા''ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમા એટલ ગુરુજી પ્રત્યનું ઋણ ચૂકવવાનો પાવન અવસર. ગુરુપૂજન એટલે સત્ય,જ્ઞાન અને અનુભવનું પૂજન. આ કાર્યક્રમની ઉજવણી શાળાના પ્રાર્થના ખંડમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુરુનો મહિમા દર્શાવતું ગીત ધોરણ -૧૦ના વિદ્યાર્થી ચાવડા ક્રિષ્ના અને ગોયલ શ્યામે રજૂ કર્યું હતું. ત્યારબાદ ધોરણ-૧૦ના વિદ્યાર્થી જાડેજા હરપાલસિંહે ગુરુની આજ્ઞાનું પાલન એક શિષ્ય કેવી રીતે કરે છે એ દર્શાવતો પ્રસંગ રજૂ કર્યો હતો. ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારતા શાળાના શિક્ષિકા શ્રીમતિ કોમલબેન ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ કેવો હોય છે, તેમજ જીવનમાં ગુરુનું શું સ્થાન છે અને ગુરુનું મહત્ત્વ દર્શાવતું વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબે ગુરુ એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે જ સાચા ગુરુ એ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. અને આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીને પણ ત્રણ ગુરુ હતા એ અંગે પણ વિશેષ વાત કરી હતી. અંતે દરેક વિદ્યાર્થીઓએ શાળાના આચાર્યશ્રી તથા ગુરુજનોનું પૂજન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. અંતે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# ચાતુર્માસ આરાધ્યાની શાશ્વતતા

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં આલેખેલી શિક્ષાપત્રીના ૭૬મા શ્લોકમાં ચાતુર્માસના ઉપાસનાની વાત લખી છે એ મુજબ, ''અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસ અને વિષે વિશેષ નિયમ ધારવો અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો.''

જૈન ધર્મમાં પણ ચાતુર્માસનું મહાત્મ્ય દર્શાવ્યું છે. જૈન ધર્મમાં સાધુ ભગવંતો ચાતુર્માસમાં એક જ સ્થળે આરાધના કરતા દશ્યમાન થાય છે. હિંદુ ધર્મમાં અષાઢ સુદ-૧૧થી કારતક સુદ-૧૧ સુધીના સમયને ચાતુર્માસ કહેવાય છે. ચાતુર્માસ દરમ્યાન ગુરૂપૂર્ણિમા, ગોકુળ અષ્ટમી, રક્ષાબંધન, ગણેશ ચતુર્થી, નવરાત્રી, દશેરા, દિપોત્સવી, નૂતન વર્ષ, લાભપાંચમ આદિ અનેક ધાર્મિક તહેવારો સમાવિષ્ટ થાય છે. ચાતુર્માસ દરમ્યાન ભગવાનનું ધ્યાન ભજન વિશેષ કરવું મોક્ષદાયી ફળદાયી છે. ૬ જુલાઈ ઈ.સ.૨૦૨૫થી ચાતુર્માસનો પ્રારંભ થઈ ગયો છે.

વ્યકિત પોતાના ઈષ્ટદેવનું શ્વાસેશ્વાસે સ્મરણ કરી જાતને તેમના સાનિધ્યમાં મૂકી શકે છે. ભગવાન સિવાય અન્ય ક્યાંય સુખ નજરે ન ચડે તે ભક્ત સત્વરે મોક્ષ ભાગી બનવા પામે છે. ચાતુર્માસ દરમ્યાન સાધુ - સંતોના પ્રવચનોનો આશ્વાદ પ્રાપ્ત કરવા શ્રદ્ધાળુ ભક્તોની ભીડ પણ સભા સ્થળે દશ્યમાન થાય છે.

# મૂર્તિ સુખે સુખી થયા

- અ.મુ. શ્રી નારાયણમામાના કૃપાપાત્ર ગામ અમદાવાદના શ્રી બીપીનભાઈ કાન્તિલાલ પરીખ ઉ.વ. ૮૦ તા. ૧૯-૦૭-૨૦૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે. નિવૃત થયા પછી તેઓશ્રી વધારે સમય છત્રી ધામે રહી તન, મન અને ધનથી સેવા કરી હતી.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**




પોથીયાત્રા






છાબ







ઠાકરથાળી





**MURTI** AUGUST 2025 Year - 22 : Issue - 08

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025




**-: Publisher :-**

Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria